ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*માં-માથા વિનાના હવાઈ ઢંઢેરા પીટવા નહીં !*
*વ્યવહારૂ ન હોય એવા પક્ષોને ચૂંટવા નહીં !*
*કૂટવા નહીં કપાળ પછી નશીબને દોષ દઈ -*
*અડગ વિશ્વાસે આપો મત, દમ ઘૂંટવા નહીં...*

### હાઈકુ

*લોકશાહીની -*
*દોષી ઉમેદવારો -*
*છે કાળી ટીલી...*

*ગુન્હેગારોનાં*
*નામ સામે દબાવો -*
*'નોટા' બટન !*

### ચિંતન

***નિર્વકલ્પસમાધિના સ્ફુટં બ્રહ્મતત્વમવગમ્યતે ધ્રુવમ્ ।***
***નાન્યથા ચલયતા મનોગતે: પ્રયત્નયાન્તરવિમિશ્રિતં ભવેત્ ॥***

**ઉપરોક્ત શ્લોક 'સર્વવેદાંત - સિદ્ધાંત - સારસંગ્રહ'માંથી લેવામાં આવેલ છે.**

**નિર્વિકલ્પ સમાધિ દ્વારા સ્પષ્ટ અને નિશ્ચય પણે બ્રહ્મત્વનું જ્ઞાન થાય છે. બીજા કોઈ સાધનથી નહીં, કારણ કે બીજી સવિકલ્પ સમાધિમાં મનની ગતિ ચંચળ હોવાથી એ અન્ય પ્રતીતિઓથી મિશ્રિત બને છે.**

**મન ચંચળ છે એ વાનરની જેમ ઘડીભર સ્થિર બેસી શકતું નથી.**

**મનના વિચાર પણ એક ડાળ પરથી અન્ય ડાળ પર વિના કારણ કૂદકા મારે છે આથી સમાધિ સ્થિતિ ખૂબ જ કઠિન છે છતાં પણ જો પ્રયત્નપૂર્વક સાધ્ય બની જાય તો એના દ્વારા નિશ્ચિત રીતે બ્રહ્મનો સીધી રીતે જ અનુભવ - અનુભૂતિ થાય છે.**

### સુવિચાર

- ગુરુ એ છે કે જેની પાસે જ્ઞાન હોય પણ ગર્વ ન હોય. ગુરુ એ છે જેની પાસે સ્નેહ હોય પણ સ્વાર્થ ન હોય, ગુરુ એ છે કે જેની પાસે વિચારસમૃદ્ધિ હોય પરંતુ વૈમનસ્ય ન હોય - **રોહિત શાહ**
- નિદ્રામાં જોયેલા સપના ભૂલી જજો, પણ જાગતી આંખે જોયેલા સપનાને ઉદ્યમથી ઉછેરતાં રહેજો - **એસ. ભટ્ટાચાર્ય**
- તમારાં પરિણામો તમારા પ્રયત્નના પ્રમાણમાં જ હશે - **નેપોલિયન હીલ**
- તમારું ભાવિ તમે કાલે શું કરશો તેના આધારે નહીં, પણ આજે શું કરો છો તેના આધારે સર્જાય છે, આવતીકાલે તમારી જે જરૂરત હોય તેના માટે આજે કામ કરો. 'આજ' એ વિજેતાઓનો શબ્દ છે. અને 'આવતીકાલ' એ પરાજિતોનો શબ્દ છે - **સ્ટીફન કોવી**
- આપણી બધી જ મર્યાદાઓ આપણે જ આપણા પર થોપેલી હોય છે - **જેક કેનફિલ્ડ**
- કોઈ પણ સિદ્ધિઓ પુરસ્કાર આપણને શું મળે છે તે નહીં, પણ આપણે શું બનીએ છીએ તે છે - **શિવખેરા**
- આજનું ઔષધ : બીલીના પાન રાત્રે પલાણી તે પાણીથી સવારે સ્નાન કરવાથી પરસેવાની સમસ્યામાં રાહત થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

મહંમદ અલીની બોકિંસગની શરુઆતની કેરિયરમાં તેનો મુકાબલો સોની લિસ્ટન સાથે યોજાયેલો. ત્રણ રાઉન્ડ પુરા થયા હતા અને ચોથા રાઉન્ડમાં સોનીના શરીર પર લગાવેલું તેલ મહંમદ અલીની જમણી આંખમાં ગયું અને એણે જમણી આંખમાં દેખાતું બંધ થઈ ગયું. આ એક અકસ્માત હતો એટલે એણે સ્પર્ધામાંથી નીકળી જવા વિચાર્યું. ચોથા રાઉન્ડના અંતે એણે કોચ એંજેલોને કહ્યું, 'મને જમણી આંખે દેખાતું નથી. હવે હું લડી શકીશ નહીં.' એંજેલોએ કહ્યું, 'તારે આ સ્પર્ધા જીતવાની છે, તું યાર્ડ સ્ટીક ટેકનિકનો ઉપયોગ કર.' મહંમદ અલીના હાથ સામાન્ય કરતા લાંબા હતા. જેથી તે સોનીને દૂરથી પંચ મારી શકે તેમ હતું. એંજેલોએ અલીને કહ્યું, તારે સોનીને સલામત અંતરે રાખવાનો છે જેથી સોનીનો હાથ અલી સુધી પહોંચે નહીં અને મોકો શોધીને અલી તેના લાંબા હાથ વડે સોનીને પંચ મારી શકે.' અલીએ પાંચમો રાઉન્ડ રમવાનું શરૂ કર્યું. જમણી આંખ બંધ રાખીને પૂરી તાકાતથી યાર્ડસ્ટીક ટેકનિકથી સોની પર પ્રહાર ચાલુ રાખ્યા. આઠમા રાઉન્ડ સુધી મહંમદ અલી ટકી રહ્યો અને એક જોરદાર પંચ સાથે સોની ઊઠી ન શક્યો અને મહંમદ અલી જીત્યો. જો ચોથા રાઉન્ડ પછી અલી હિંમત હારીને રમતમાંથી નીકળી ગયો હોત ? મહમદ અલીએ ત્યારે વર્લ્ડ હેવીવેઈટ ચેમ્પિયનશીપનો તાજ મેળવ્યો ન હતો. જિંદગીમાં એંજેલો જેવા કોચ સાથે હોય કે જે તમને પરિસ્થિતિથી ભાગવા ન દે તો વિશ્વ ચેપ્પિનશીપ બની શકાય છે.

# વાણી-વર્તનની કોઈ હદ ખરી કે નહીં ?

**તંત્રીસ્થાનેથી...**

હવે તો હદ થાય છે, એવું રોજ કહીએ છીએ અને તોય એ હદનેય વટાવી જાય એવી ઘટનાઓ રોજ સાંભળવા મળે છે ! લોકશાહીમાં આ ચર્ચા કરવી પડે છે એય શરમનો વિષય લાગે છે !

કોઈ નેતા બીજા નેતાને ગલુડિયા સાથે સરખાવે તો કોઈ વળી જૂઠ્ઠો કહી ઉતારી પાડે, કોઈ ભ્રષ્ટાચારી કહી સંબોધે તો કોઈ વળી ચૂંટણીમાં હરીફ મહિલા ઉમેદવારની ખુલ્લી તસવીરો વહેંચે ! કોઈ શહીદ પોલીસ અધિકારીને વગોવે તો કોઈ સંજોગોના શિકાર પીડિતોની પીડા માટે હરીફ પક્ષને જવાબદાર ગણાવી એનો ફાયદો લેવાનો પ્રયાસ કરે....

આપણા દેશમાં નીચો ગયેલો રાજકારણનો સ્તર કે રાજકારણીઓનો સ્તર હજુ આપણને કઈ હદ દર્શાવશે એ સવાલ હવે તો થઈ રહ્યો છે.

ચૂંટણી જીતવી એ જ જાણે જીવનનું છેલ્લું કામ હોય કે જીવનનો એકમાત્ર મંત્ર હોય એ રીતે ચૂંટણી જીતવા માટે પ્રચાર-પ્રસાર કરવો એ કોઈ ખોટી વાત નથી. પરંતુ થાય છે એવું કે પોતાની સારપ કે વિશેષતા દેખાડવાને બદલે હવે સ્પર્ધકની ખરાબીઓ દેખાડવી, એના વિશે માત્ર ઘસાતું જ નહીં, પરંતુ સાચુંજૂઠું મિશ્ર કરીને બોલવું, અભદ્ર ભાષાનો ઉપયોગ કરવો, અભદ્ર રસ્તાઓનો ઉપયોગ કરવો એ પ્રચાર કહેવાય છે. આવા હથકંડાઓ માટે ખર્ચ કરવામાં આવે છે, સભાઓ યોજવામાં આવે છે ને સોશિયલ મીડિયાનો ઉપયોગ પણ કરવામાં આવે છે.

ચૂંટણી જીતવા માટે પાગલપનની હદ સુધી આવી ગયેલા રાજકારણીઓએ જાણે બધી હદ વટાવી દીધી છે. ચૂંટણીની સભાઓ યોજાવાની શરૂ થઈ પછી એક દિવસ એવો નથી ગયો કે કોઈ સનકી રાજકારણીએ વાણીવિલાસ કરીને દેશની શાંતિનો ભંગ ન કર્યો હોય. ચૂંટણી ટાણે ચૂંટણી એ મુદ્દો છે ને એની ચર્ચા થાય એ સ્વાભાવિક છે ને આવકાર્ય પણ છે. પરંતુ, હવે તો કોણે કોને ઉતારી પાડ્યા ને કોણે કેટલા ખરાબ શબ્દોનો ઉપયોગ જાહેરમાં કર્યો એ વિષયની જ રોજ ચર્ચા થાય છે, કરવી પડે છે એ બેહદ અફસોસનો વિષય છે.

રાજકારણીઓએ એ સમજવાની જરૂર છે કે તેઓ લોકનેતા છે. લોકોને તેમનું સમર્થન છે અને તેઓ જે કંઈપણ બોલે છે, વર્તે છે એની સીધી કે આડકતરી, સારી કે ખરાબ અસરો લોકોનાં મન પર પર પડે છે. એટલે એમણે પોતાનું જાહેર વર્તન સારું રાખવું જ રહ્યું. કોઈ એકાદ-બે રાજકારણીઓએ વિધાનસભામાં કે સંસદમાં ધમાલ કરી એનાથી એમ માની લેવાની જરૂર નથી કે આપણે પણ આવું કરીશું તો જ કોઈ આપણી નોંધ લેશે. પ્રજાનેય પસંદ હોય છે, મિજાજ હોય છે અને સંસ્કારિતા પણ હોય જ છે. પોતાના ચૂંટણીગુમાનમાં ગમે તેમ બોલતા ને વર્તતા રાજકારીઓએ આ વાત સમજી લેવાની જરૂર છે. નહીંતર ચૂંટણીપ્રચાર હવે પૂર્ણ થવામાં છે અને થોડા દિવસ પછી પરિણામો આવવાનાં જ છે, જેણે ભલભલાનાં અભિમાન ઉતારી દીધાં છે.

# ડાયાબિટીસ, બીપી, એસિડીટી, થાઈરોઈડ, વધેલું વજન ઘટાડવા માટે શરીરના બધા જ રોગો માટે... એક રામબાણ ઈલાજ...



**તન દુરસ્તી**

મહેન્દ્ર ગજ્જર

**(ગતાંકથી આગળ...)**

પંદર દિવસ પછી જો તમને ફાયદો થાય તો આ વાત બધાને કરજો. આ તો થઈ ઉત્સાહ અને આનંદની વાત, શરીરના ફાયદાની વાત પણ રોગનું શું ? તમે તો આગળ વાત કરીને તમારું વજન વધારે છે, ડાયાબિટીસ છે, તમને બીપી છે, તમને થાઈરોઈડ છે એ બધામાંથી મુક્ત કેવી રીતે થવાય અને બધી દવાઓ બંધ કઈ રીતે થાય આ બધા રોગમાંથી મુક્ત થવાય છે. ગાંધીનગરના જાણીતા આંખ, કાન, ગળાના ડૉકટર યશવંત છાટબારે એમના કહેવા મુજબ ચાર વર્ષ પહેલા ડાયાબિટીસ, બીપી અને પ્રોસ્ટેટની તકલીફ ચાલુ થઈ હતી. બે વર્ષ સુધી દવાઓ લઈને ડાયાબિટીસ, બીપી અને પ્રોસ્ટેટ નોર્મલ કરવા ખૂબ પ્રયત્નો કર્યા. આ પ્રયોગ ચાલુ કર્યા પછી છેલ્લા એક વર્ષથી એમને કોઈ તકલીફ નથી. અને એમને કોઈ દવા લેવી પડતી નથી. આટલો નાનકડો ફેરફાર કરવાથી તમારા ખરાબ રોગ જે જળમુળથી નીકળી ગયા એમાં એવું તો શું થયું કે જેનાથી આ રોગ મટી ગયા. ભાઈ આપણે બુદ્ધિશાળી માનવી પ્રાણી છીએ. એટલે આપણને તો આ વિચાર આવવાનો જ. એમાં સાદો દાખલો આપું, ગામના પાદરે જો ઉકરડો હોય તેમાંથી ગંદ મુક્ત થવું હોય તો અત્તરની ત્રણ-ચાર બાટલી નાખી દેવાથી ઉકરડામાંથી કાયમ માટે ગંદ જતી નથી. એટલે કે રોગમાં દવા લેવાથી રોગ જડમુડમાંથી જતા નથી. આપણે આપણા રોગને જળમુડમાંથી મટાડી શકતા નથી. દવા લઈને આપણે આપણા રોગને દબાવી રાખીએ છીએ પણ સંપૂર્ણ રીતે મટાડી શકતા નથી. પણ પંદર દિવસમાં જ રોગ મટી જાય એ કંટ્રોલમાં આવશે. તમારે તમારા રોગ સંપૂર્ણપણે મટાડવા છે ? તો આગળ વધીએ...

પહેલા નક્કી કરો તમારે તમારા રોગ મટાડવા છે. કોઈ ગમે તે કહે તમારા રોગ મટાડવા હોય તો કોઈનું પણ સાંભળવાની જરૂર નથી. આ પ્રયોગના નિર્માતા બી.વી. ચૌહાણ છે. જેમને ખૂબ જ શારીરિક તકલીફો હતી એમને રામચરિત્રમાનસમાંથી આ પ્રયોગનું સર્જન કર્યું. અને અત્યારે વર્ષો સુધી રોગમુક્ત છે. બી.વી. ચૌહાણની વાતો અને અસંખ્ય લોકોના અનુભવ આપણે યુ - ટ્યુબ પર જોઈ શકીએ છીએ. લોકોની વાતો સાંભળી આપણને ખૂબ આનંદ આવે છે. જે લોકો વર્ષો સુધી દવાઓ લેતા હતા તેઓ વગર દવાએ રોગમુક્ત થયા છે. ઘણા લોકો તો કેન્સરથી પિડાતા હતા એ લોકો પણ કેન્સરની દવા સિવાય કેન્સરમુક્ત થયા છે. ડાયાબિટીસ, બીપી, વા, એસિડીટી વગેરે ભયંકર રોગોમાંથી બહાર નીકળ્યા છે. હવે રોગ મટાડવા માટે શું કરવું? રોગ મટાડવા માટે પંદર દિવસ જે પ્રયોગ છે એટલે રાંધેલો ખોરાક ખાઈ શકો એની સાથે એનીમાં લેવાનો છે. એનીમાં પાણીનો જ લેવાનો છે. એક લીટર પાણી બોટલમાં ભરી પાણી ગુજામાં ટોટી નાખીને કોક ચાલુ કરીને આંતરડામાં પાણી પહોંચાડવાનું છે. ૫૦૦ એમ.એલ. જેટલું પાણી આંતરડામાં જશે. પછી તરત જ તમારું આંતરડું, આંતરડામાં જામેલો કચરો, ટોક્સિન વગેરે સાફ કરશે. ત્યારબાદ ફરી વધેલો ૫૦૦ એમ.લે. પાણીથી ફરી એનીમાં લેવાનો છે. સવારે એક વખત અને સાંજે જમતા પહેલા એક વખત. જયાં સુધી રોગ મટીના જાય ત્યાં સુધી રોજ અને રોગ ઉપર કાબુ પાયા પછી, અઠવાડિયે અથવા મહિને એક વખત એનિમાં લેવો. ચૌહાણ સાહેબ એમ કહે છે કે બધા રોગનું કારણ આંતરડામાં જામી ગયેલો કચરો અને ટોક્સિન, જેને એમિનામાંની શુદ્ધિકરણની પદ્ધતિથી આંતરડાને સાફ કરી રોગમુક્ત, દવામુક્ત થઈ શકે છે. ચૌહાણ સાહેબનું યુ-ટયુબનો વિડીયો અને એમની ચોપડીઓનાં સહારે વધારે પ્રમાણમાં માન મળશે. અને આપણે રોગમુક્ત અને દવામુક્ત સહેલાઈથી થઈ જઈશું.

(પૂર્ણ)

સાચી લોકશાહીનો અર્થ લોકોની સ્વતંત્રતા છે. અને આ સ્વતંત્રતાથી પ્રજા પોતે પોતાને ગમતી વ્યક્તિને પસંદ કરીને શાસન ચલાવવા માટે પોતાનો 'મત' આપે છે. આ પરંપરા આમ તો વર્ષો જુની છે. રાજાશાહી વખતે પણ ઘણા પ્રજાપ્રિય રાજાઓ પ્રજાનો મત લેતા હતા. આજે યુગ બદલાયો છે. હવે એક નવી જ દુનિયાનું નિર્માણ થઈ રહ્યું છે. ત્યારે પ્રજાએ એટલે કે આપણે પણ આ નવું પરિવર્તન સ્વીકારી પોતાની વ્યક્તિગત સમસ્યા કે સ્વાર્થને બાજુ પર રાખીને સમષ્ટિના હિતમાં વિચારીને યોગ્ય વ્યક્તિને પોતાને મત જાય એનું ખાસ ધ્યાન રાખવું પડશે.

આ વર્ષ ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી ભારતીય રાજનીતિમાં એક નવો ઈતિહાસ લખવાની છે. આ વર્ષે જે પક્ષ કે વ્યક્તિ જીતશે તેના દ્વારા સમગ્ર હિંદુસ્તાનનો ઈતિહાસ બદલાવાનો છે એ હકિકત છે. આ પરિવર્તન બે રીતનું હશે. સકારાત્મક અથવા નકારાત્મક. કેમ કે આજે આપણો દેશ બે પક્ષોમાં, બે વ્યક્તિમાં, બે વિચારધારામાં વહેંચાઈ ગયો છે. અને આ બન્ને વ્યક્તિ – વિચારધારા – પક્ષ પોતપોતાની બધી જ તાકાત લગાવીને પ્રજાને પોતાના તરફી કરવા તમામ પ્રયાસો કરશે. અવનવી લાલચો આપશે, નવી નવી યોજનાઓના એલાન કરશે, દેશ સંકટમાં હોવાના ભાષણો કરશે, પણ આપણે વિચારવું પડશે કે ખરેખર કોણ સંકટમાં છે ? દેશ કે કોઈની ખુરશી ? કે કોઈનો પરિવાર કે પદ ? કોઈની સંપતિ કે સત્તા ? શું સંકટમાં છે એ આપણે જ સમજવું પડશે. આવું બધું ખુબ જ થશે. યુવાનોને નોકરીઓ આપવાના વચનો, દેવું માફ કરવાના વચનો, શિક્ષણ અને અનાજ મફત આપવાની વાતો, સસ્તુ પેટ્રોલ, ખેડુત કલ્યાણ નારી ઉત્થાન, બાળ કલ્યાણ, વૃદ્ધ પેન્શન, બેરોજગારી ભથ્થું, આવી અનેક વાતો, વચનો અને યોજનાઓના ઘોડાપુર ઉમડશે. નાના શહેરો, ગામોમાં તો ચૂંટણી પહેલાના બે ચાર દિવસે ક્યાંક રૂપિયાની નૉટો ઉડશે, લ્હાણી થશે, શરાબ અને સુંદરીઓની મહેફિલો યોજાશે. અનેક પ્રકારની લાલચો અને ભેટસોગાદો અપાશે. પણ મિત્રો એટલું યાદ રાખવું કે જે પક્ષ કે નેતા તમારી પાછળ જેટલા રૂપિયા ખર્ચે છે અને એ તમારો મત મેળવવામાં સફળ બનીને ચૂંટાય છે તો ચૂંટાયા પછી સૌ પ્રથમ તે તમારી પાછળ કરેલા ખર્ચના રૂપિયા સો કે હજારગણા રૂપિયા કોઈપણ રીતે વસૂલશે એની ખાત્રી રાખશો. તેથી આવી નાની નાની વ્યક્તિગત ક્ષણિક સુખ આપનારી લાલચોમાં ફસાયા વિના મતદાન કરવું એ જ સર્વહિતાય છે.

# કોને મત આપવો ? ચાલો થોડું વિચારીએ



**મોરપીંછના રંગ**

ડૉ. કનૈયાલાલ ભટ્ટ

આ ચૂંટણી એ પ્રજા સાથે ખેલાતો એક મનોવૈજ્ઞાનિક ખેલ છે. દર પાંચ વર્ષે નેતાઓ શહેરોની બજારોમાં, ગામોની ગલીઓમાં આંટાફેરા કરતા થઈ જાય છે. અને ચૂંટાયા પછી દિલ્હીની સડકો પર એ.સી. કારમાં ફરતા થાય છે. મિત્રો, આજે આપણે કોઈપણ પક્ષ કે નેતાને માટે દિલથી કાર્યકર્તા તરીકે કામ કરીએ છીએ. મત આપીને અપાવીએ છીએ પણ તેમના જીતી ગયા પછીના પાંચ વર્ષમાં કોણ આપણી પાસે આવ્યું ને કોણે આપણી તકલીફ પૂછી ? અરે પાંચ વર્ષ દરમિયાન એકાદવાર પણ નાનું એવું કામ લઈને તેમને મળવા તો જાવ ? મને વિશ્વાસ છે કે પહેલા તો તમે એમને આસાનીથી મળી જ નહીં શકો, અને ધારો કે તેઓ મળી ગયા તો પછી તમારું એ કામ થશે કે નહીં ? એની કોઈ ખાત્રી નથી હોતી. આપણને આવા અનેક અનુભવો હોવા છતાંય આપણે ટી.વી.ચેનલો, અખબારો, સોશ્યલ મિડીયાને કારણે કોઈ પક્ષ કે વ્યક્તિ માટે પૂર્વગ્રહો બાંધીને આંખ ઉપર પટ્ટી બાંધી દઈએ છીએ. જેથી આપણને સત્ય દેખાતું નથી હોતું. આપણી વ્યક્તિગત વિચારધારાને લઈને આપણે કોઈને ખોટી રીતે નફરત કરતા થઈ જઈએ છીએ. અથવા એને ખોટી રીતે આપણો મૂલ્યવાન મત આપી દઈએ છીએ. પરંતુ આપણો એક મત આપણું જ નહીં સમગ્ર દેશનું ભાવિ ઘડે છે. તેથી સમગ્ર દેશમાં અને વિશ્વમાં બનતી ઘટનાઓ, ક્રિયા – પ્રતિક્રિયાઓનો અભ્યાસ કરીને આપણે આપણો નિર્ણય કરવો જોઈએ કે આપણો મત કોને આપવો.

આ ચૂંટણી એ સત્તાની સૌથી મોટી રાજરમત છે. જેમાં બહારથી પ્રજા રાજા તો દેખાય છે પણ અંદરથી પ્રજા માત્ર પ્યાદું બનીને રહી જાય છે. કારણ કે આપણે હજી પુરેપુરી રાજનીતિ સમજી શકતા નથી. આપણે હજીએ ધાર્મિક, જાતિવાદી, ભાવનાવાદી, અવસરવાદી, સમાજવાદી જેવી સંવેદનાઓ સાથે બંધાયેલા છીએ અને એ તરફ ખેંચાઈ જઈએ પણ છીએ. જેનો ફાયદો નેતાઓ અને પક્ષો ઉઠાવે છે. આપણે ત્યાં કોઈ દલિતને કે બ્રાહ્મણને કે ક્ષત્રિયને કે કોઈ પણ જાતિના વ્યક્તિની સાથે સામાન્ય ઝગડો થશે તો પણ અત્યારે એને રાજકીય રૂપ આપીને આપણા સૌની જાતિગત ભાવના ભડકાવીને આપણને દંગલ કરવા માટે ઉશ્કેરવામાં આવશે અને આપણે સૌ એક થઈને દંગલ કરી પણ બેસીશું. પરિણામે સમાજમાં જે વર્ષોથી એકસાથે રહેતા હતા, બાજુમાં રહેતા હતા એવા પરિવારો વચ્ચે ઝેરના બીજ રોપાઈ જાય છે. કોઈ મંદિર કે મસ્જિદમાં જઈને જરા સરખું કોઈ છમકલું કરી આવશે તો પણ તરત જ હિંદુ – મુસ્લિમ સંગઠનો એક થઈને બદલો લેવા તત્પર થશે. કારણ આપણે ખુબ જ સંવેદનશીલ છીએ. નેતાઓની રાજનીતિથી અજાણ. અને હવે આવી બધી ઘટનાઓ પણ ગુજરાતમાં ઘટશે. આપણે સૌએ સંયમ રાખવો પડશે. સમજવું પડશે.

મિત્રો, આ ૨૧મી સદી છે. આખી દુનિયા એક બની રહી છે. જ્ઞાતિ, જાતિ, ધર્મ, બધુ જ એક થઈ રહ્યું છે. અને થવું પણ જોઈએ. માત્ર માનવતાવાદી ધર્મ અને કર્મ જ વ્યક્તિની ઓળખ બનવી જોઈએ. પરંતુ જ્યાં સુધી આપણે આ બધુ નહીં છોડીએ ત્યાં સુધી આ પક્ષો અને નેતાઓ આપણને અંદરોઅંદર લડાવશે જ.

આ ચૂંટણીના પરિણામો ઉપર ભારતનું અને આપણા સંતાનોનું ભાવિ નિર્ભર છે. તેથી આપણે આપણો એક મત કોને આપવો એ ખુબ જ વિચારીને નિર્ણય લેવો પડશે. વળી અત્યારની નાની નાની લાલસાઓ આખા દેશનું ભાવિ બગાડે છે. તેથી એવી મફતમાં મળતી સહાય કે યોજનાઓ વિશે, એની પાછળ છૂપાયેલા સ્વાર્થ વિશે, અને એની આપણા દેશના ભાવિ પર પડનારી અસર વિશે વિચારવું જ પડશે. ક્યાંક એવું પણ બનશે કે ઉમેદવાર યોગ્ય હશે પણ પક્ષ બરાબર નહીં હોય અને ક્યાંક પક્ષ બરાબર હશે પણ ઉમેદવાર યોગ્ય નહીં હોય. આવા સમયે વ્યક્તિગતને બદલે સામૂહિક લાભને ધ્યાનમાં રાખવાની જરુર હોય છે. કેમ કે લોકસભામાં ચૂંટાયેલ પ્રતિનિધિ દેશના વડાપ્રધાન ચૂંટવાનો છે. તેથી આપણો એક મત સીધો વડાપ્રધાન સુધી પહોંચવાનો છે.

પક્ષ કે વ્યક્તિએ કરેલા પાંચ વર્ષના કાર્યો પણ ધ્યાનમાં રાખવા જરૂરી હોય છે. નેતાઓ ભલે સાચા ખોટા મુદ્દાઓ ઉપર ચૂંટણી લડે, આપણે તો માત્ર ને માત્ર કામને ધ્યાનમાં રાખીને જ મતદાન કરવું હિતાવહ છે. ચૂંટાયેલ સભ્યને પોતાના મતવિસ્તારમાં વિકાસના કાર્યો કરવા માટે ગ્રાંટ મળતી હોય છે. એ ગ્રાંટમાંથી સંસદ સભ્યએ આપણા વિસ્તાર માટે શું શું કામ કર્યુ ? એ પણ સમજવું પડશે. કોઈપણ સંજોગોમાં આપણો મત વેડફાઈ ના જવો જોઈએ. કેમ કે અત્યારે આપણી ચૂંટણી ઉપર આખી દુનિયાની નજર છે. અનેક દુશ્મન દેશો, સમુદાયો, નેતાઓ, આતંકીઓ આ ચૂંટણીના પરિણામ ઉપર બાજ નજર રાખી રહ્યા છે. કોઈને હરાવવા તો કોઈને જીતાડવા દુશ્મન દેશો ને આતંકી તત્વોએ અહીં આપણા જ દેશમાં પોતાના કાળા ધનની વિશાળ તિજોરીઓ ખૂલ્લી મૂકી દીધી છે. મતદારોને પ્રભાવિત કરવા શામ, દામ, દંડ, ભેદની નીતિ અપનાવીને પણ સત્તા મેળવવા માટે માનવતાની હત્યા કરીને પણ આગળ વધશે. પરંતુ અંતિમ સત્તા તો આપણા જ (પ્રજાના) હાથમાં જ છે. આપણે જેના નામ ઉપર ચોકડી મારીશું એ આપણા ભાવિ ઉપર ચોકડી સાબિત થવાની છે. આપણો મત એકદમ ગુપ્ત રહેવાનો છે. જે છેક ૨૩ મેના રોજ ખૂલશે.

તો આવો મિત્રો, આપણે સૌ સાથે મળીને સમજી વિચારીને કોઈના પ્રભાવમાં આવ્યા વિના દેશનું નવું નિર્માણ કરે એવી સરકાર ચૂંટીએ અને આપણા દેશનું, રાજ્યનું અને પ્રત્યેક ગુજરાતીનું ગૌરવ વધારીએ.

- જય જય ગરવી ગુજરાત.

9426060601.india@gmail.com

# જબાન કો લગામ દો ...!



**રજળપાટ**

અજય ઉપાધ્યાય

લોકસભા ચૂંટણી એના શરૂઆતી તબક્કામાં છે. જગતની સૌથી મોટી લોકશાહી તાકાતવાળો આ દેશ એની આગામી સરકાર ચૂંટવા માટે ધીમી પણ મક્કમ ગતિએ એક પછી એક તબક્કાના મતદાન તરફ જઈ રહ્યો છે. ૨૦૧૪ પછી ફરી એકવાર આખીયે દુનિયાની નજર આ મતદાન ના પરિણામો પર રહેશે. પરિણામો આવે ત્યાર પછી તો ખરું જ પણ અત્યારે પણ આખીયે દુનિયાની નજર ભારતની ચૂંટણી અને એના પ્રચાર અભિયાન પર મંડાયેલી છે જ એમાં કોઈ શંકાને સ્થાન નથી જ. અમસ્તુયે જ્યારે પણ કોઈ દેશ ચુનાવ પ્રક્રિયામાં હોય ત્યારે જગતના બીજા દેશોની નજર એના પરિણામો પર હોય જ, કઈ સરકાર આવશે અને એના સાથે કેવા પ્રકારના સંબંધો રહેશે એના વિશ્લેષણ માટે પણ જે તે દેશના ચુનાવ પરિણામો પર બીજા દેશોની નજર હોય જ છે અને આમેય ભારતનો ચૂંટણી પ્રચાર બીજાથી અનોખો હોય જ છે એમાં આ વખતે જરા વધુ અનોખો હોવાની સાથે સાથે અણગમતો પણ બનતો જાય છે..!

પ્રચારની એક સીસ્ટમ હોય છે, એક વણલખી આચારસંહિતા હોય છે પણ આ વખતે આ આચારસંહિતાની ઐસી તૈસી થઈ રહી છે. ૨૦૧૪ કે એની અગાઉની ચૂંટણીના પ્રચારોમાં પણ એકબીજા પર ગલીચ આક્ષેપો અને ' મૌત કા સૌદાગર ' કે ' વિધવા ' જેવા નિમ્ન કહી શકાય એવા ચૂંટણી પ્રચાર દરમ્યાનના આક્ષેપો અને એક રીતે ગાલી-ગલોચ જ કહી શકાય એવા બનાવો નોંધાયેલા જ પણ આ વખતે કદાચ એ લીમીટને પણ આપણા નેતાલોગો ક્રોસ કરી ચુક્યા હોય એવું લાગે છે. સત્તા અને પૈસાનો મદ કે પછી આ બંનેની લાલસા ઈન્સાનને કઈ હદ સુધી નીચે પહોચાડી દે છે એના વરવા ઉદાહરણો હમણાં હમણાથી ચૂંટણી પ્રચારમાં જોવા મળ્યા છે. જે માણસે લાખો લોકોનું પ્રતિનિધિત્વ કરવાનું હોય છે એ ઈન્સાન એકદમ નીચ, હલકટ કે પછી પ્રચારમાં કહી ના શકાય એવી ભાષામાં વાત કરે ત્યારે એને સાંભળી રહેલો મતદાર કે એને ચૂંટવા ઉત્સુક મતદારના દિમાગ પર શું વીતતી હશે એની કલ્પના ચૂંટણી પ્રચારના ઉન્માદમાં નેતાજીને તો ક્યાંથી હોય પણ ?

સવાલ કોઈ એક પાર્ટીનો છે જ નહિ " હમામ મેં સબ નંગે હૈ "ના ન્યાયે એક અઠવાડિયામાં જ બીએસપી ના સુ.શ્રી માયાવતીજી, બીજેપી ના યોગીજી અને મેનકાજી, સપા ના આઝમખાનજી અને બાકી હતા તે કોંગ્રેસના સીધ્ધુજી જેવા કદાવર નેતાઓએ એવા બફાટો કર્યા કે આપણને એમ લાગે કે શું આ જ છે ચુનાવ પ્રચારના મુદ્દા ? શું આ જ રીતે થાય છે પ્રચાર ? અને એમાં પણ આ બધા ના વિવાદિત નિવેદનો સાંભળતી વખતે તાળીઓ પાડતા એના ટેકેદારોને જોઈને એમ થાય કે શું આવી જ લોકશાહી અને આવા જ નિમ્નપ્રચારને લાયક છીએ આપણે ?....! આ બધા પાછળ જી એટલા માટે લગાડ્યું કે આ આપણા માનનીય લોકપ્રતીનિધિઓ છે પણ ચૂંટણીના ઉન્માદમાં ભાન એવા ભૂલ્યા હતા કે મને ને તમને શરમના માર્યા મો છુપાવવું અઘરું થઈ પડેલું. નેતાઓ મર્યાદા ભૂલે કે પછી જાણીજોઈને વોટબેંકને ખુશ કરવા આવી હલકી રાજનીતિ કરે તો એને એક જાગૃત મતદાર તો ક્યારેય એન્ડોર્સ કરે જ નહી પણ થાય છે શું કે સભામાં સામે બેઠેલા મતદારોને વોટબેંક સમજીને, એમને ગમે એવી ભાષામાં ભાષણ જીંકવું કે પછી જેવો દેશ તેવો વેશ ની જેમ જે તે એરિયામાં એને લગતા વિવાદિત નિવેદનો આપવાથી વિશેષ કોઈ મુદ્દા કે પ્રશ્નોનો હલ બતાવવાની વાત આ વખતના ચૂંટણીપ્રચારમાં ક્યાય થતી હોય એવું લાગતું નથી.

એવું લાગે છે કે આ વખતની લોકસભાનો ચૂંટણી પ્રચાર કદાચ અત્યાર સુધીના પ્રચારોમાં સૌથી નિમ્ન કક્ષાએ પહોચી ગયો છે. નૈતિક ટીપ્પણીઓ તો ઠીક છે કે થતી જ રહેતી હોય છે પણ આઝમખાને કરેલી જયાપ્રદા પરની ટીપ્પણી કે પછી મેનકા ગાંધીએ મતદારોને કહેલું 'જોઈ લઈશ' જેવા બનાવો કદાચ આ પહેલા જાહેર પ્રચારમાં આ પહેલા ક્યારેય બન્યા હોય એવું યાદ નથી આવતું. બાકી ખાનગી બેઠકો અને મિલન-મુલાકાતોમાં નેતાઓ દ્વારા 'મત મને જ આપજો નહિતર ખેર નથી' એવી મભમ ધમકીઓ અપાતી હોય એના છાનેખૂણે ઉતારવામાં આવેલા વિડિયોઝ તો શોશિયલ મીડિયા પર ખુલ્લેઆમ ફરતા જ હોય છે પરંતુ આટલા ઊંચા ગજાના નેતાઓ જાહેરસભામાં આવા નિમ્ન ઉચ્ચારણો કરે એ ભારતીય લોકશાહીના વસ્ત્રાહરણ કરવાથી કમ નથી જ. આ બે-ચાર બનાવો તો ટીવી અને છાપે ચડ્યા એટલે વગોવાયા બાકી તો નેતાલોગ ચૂંટણી જીતવા લીટરલી શામ-દામ-દંડ-ભેદ વાપરતા જ હોય છે એ હું ને તમે બધા જ જાણીએ છીએ. સત્તા અને સ્ટારપ્રચારકનો નશો અને ઉપરથી સામે બેઠેલી ભીડ જોઈને કોઈક જ માઈનો લાલ શબ્દોથી લપસવામાં બચી શકે છે. ' જો તુમકો હો પસંદ વોહી બાત કરેંગે ' જેવું માનતા આવા નેતાઓ વિરોધીઓને નીચા દેખાડવા માટે સામજિક અને નૈતિક લક્ષ્મણરેખાને ક્યારે ક્રોસ કરી જાય છે એ એમને પણ ખબર નથી હોતી. જો કે ઘણા જાણીજોઈને પણ આવું કરતા હોય છે. વિવાદમાં રહેવું એ નેતાગીરીનું એક આગવું લક્ષણ છે અને આવા કેસમાં તો શું છે કે ચૂંટણીપંચ પણ લાચાર હોય એવું દેખાય રહ્યું છે. કહેવામાં તો આચારસંહિતા અને એના અનેકો મુદાઓ છે પણ નેતાલોગો તો આવી આચારસંહિતાને ઘોળીને પી જવામાં ઉસ્તાદ હોય છે. ઉપરના કેસોમાં પણ ચૂંટણીપંચ માત્ર નોટીસ આપીને અને અમુક કલાકો પ્રચાર માટે પ્રતિબંધ ફરમાવ્યા સિવાય ક્યાં કશું કરી જ શકી છે ? એની પોતાની એક મર્યાદા છે અને પંચે પણ કબુલ કર્યુ છે કે આમાં વિશેષ કોઈ કડી કાર્યવાહી કરવાની સત્તા નથી એની પાસે..!

પણ એઝ એ વોટર આપણી શું મજબૂરી છે કે આપણે આવા નિવેદનો પર તાળીઓ પાડી.. એના મેમે બનાવીને ચારેકોર સેન્ડ કરીએ એના કરતા કમ સે કમ નેતાજીને કહી તો શકીએ ને કે 'જબાન સંભાલ કે નેતાજી..! ચૂંટણી પ્રચારની આ મોસમમાં આપણા એરિયામાં મત માંગવા આવેલા નેતાને આપણે એણે વાયદા મુજબ કામ નથી કર્યા એમ કહીને ઉધડો લઈ લઈએ છીએ તો શું આવા નિવેદનો સાંભળતી વખતે સભામાંથી ઉઠી ના જઈ શકીએ કે સ્થળ પર જ વિરોધ ના કરી શકીએ ? પ્રચારની એક ગરિમા તો હોવી જ જોઈએ ને. ધર્મ – જાતી-લિંગ કે હેસિયતના ત્રાજવે વિરોધીને તોલીને કે પછી એ જ ત્રાજવે મતદારોને તોલીને કરાતા પ્રચારની તો બંધારણમાં અને આચારસંહિતામાં પણ મનાઈ છે તો આ નેતાલોગને કેમ ખબર નથી પડતી ? નેતાલોગ એ નથી સમજતા કે ભારતનો વોટર બદલાઈ ગયો છે અને એનાથી વધુ મહત્વની વાત એ છે કે એમાંનો મોટોભાગ યુવાન મતદારોનો છે. એમની ચૂંટણી બાબતે, નેતા બાબતે અને પ્રચાર બાબતે પોતાની આગવી અક્કલ છે. એ દિવસો ગયા કે મતદારને આવા નિવેદનોથી કે બીજી રીતે ઉલ્લુ બનાવી શકાતો, હવે આ નવી પેઢીનો મતદાર વધુ શાણો છે, એને બધી ખબર છે, જાણ છે અને ખાસ તો એનું પોતાનું દિમાગ છે જેને એ વોટ કરવા જતી વખતે વાપરે છે. એટલે બેટર એ છે કે મતદારોને પોતાની કઠપુતળી સમજનારા આવા નેતાઓને એટલું જ કહેવાનું કે જમાના બદલ ગયા હૈ નેતાજી, જબાન સંભાલ કે ચલાના....!